# આસપાસ ચોપાસ

## દેવસ્થાનોની દિવ્યતા અને સમરસતાની જીવંત પરંપરા માટે ખડાણા ગામ જાણીતું છે


સતી માતા મંદિર

ખડાણા ગામ જીવંત ધાર્મિક પરંપરા, આધ્યાત્મિક વાતાવરણ અને સર્વધર્મ સમભાવની સંસ્કૃતિ માટે વિશેષ ઓળખ ધરાવે છે. ગામના વિવિધ વિસ્તારોમાં નિર્મિત દેવસ્થાનો અહીંના લોકોની અખંડ આસ્થા, ભક્તિભાવ અને સામૂહિક એકતાની સાક્ષી પૂરે છે. ખડાણા ગામમા પ્રવેશતા જ ભક્તિ અને શાંતિનો અનુભવ થવા લાગે છે અને ગામનું સમગ્ર વાતાવરણ જાણે આધ્યાત્મિક ઊર્જાથી છલકાતું હોય તેવી અનુભૂતિ કરાવે છે. ગામમાં શ્રી અંબે માતાજી મંદિર, શ્રી હરસિદ્ધિ માતાજી મંદિર, શ્રી બળીયાદેવ બાપા, શ્રી રામદેવજી મંદિર, માતાજી મંદિર સહિત અનેક દેવસ્થાનો આવેલા છે. શ્રી રામદેવપીર મંદિર અને મહાદેવ મંદિર ભક્તોને વિશેષ આકર્ષે છે. આ સાથે મુસ્લિમ સમુદાયનું ધર્મસ્થળ મસ્જિદ અને ખ્રિસ્તી સમુદાયના ધર્મસ્થાન પણ ગામના ધાર્મિક જીવનનો અભિન્ન ભાગ છે. એક જ ગામમાં વિવિધ ધર્મોના ઉપાસના સ્થાનોનું સૌહાર્દપૂર્ણ સહઅસ્તિત્વ કડાણા ગામની સમરસ સંસ્કૃતિને અનોખું ગૌરવ આપે છે.


મહાદેવ મંદિર

તહેવારોમાં ઝળહળતી સામૂહિક આસ્થા કલમસરમાં નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી અને મહાશિવરાત્રી જેવા હિંદુ તહેવારો ઉત્સાહપૂર્વક ઉજવાય છે. ઈદ અને ઉર્ષ જેવા મુસ્લિમ તહેવારો પણ એટલી જ શ્રદ્ધા અને સૌહાર્દ સાથે મનાવવામાં આવે છે. તહેવારોના અવસરે ગામના લોકો પરસ્પર શુભેચ્છા પાઠવીને ભાગીદારીનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. ધાર્મિક ઉજવણીઓ અહીં માત્ર વિધિ પૂરતી સીમિત નથી રહેતી, પરંતુ સામાજિક સ્નેહ, પરસ્પર માન અને માનવીય સંબંધોને વધુ ગાઢ બનાવે છે.


વડુચી માતા મંદિર

તળાવકાંઠે આવેલા મંદિરોની શાંતિ ગામની પશ્ચિમ દિશામાં તળાવકાંઠે આવેલ પૌરાણિક અંબાજી મંદિર વિશેષ શાંતિ અને ભક્તિભાવનું સ્થાન ગણાય છે. તળાવના શાંત જળ અને મંદિરના પવિત્ર વાતાવરણથી ભક્તોને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. ઘણા ગામલોકો અહીં પ્રાતઃકાળે અને સંધ્યાકાળે દર્શન માટે આવે છે.



ગાયત્રી માતા મંદિર

સંધ્યાની આરતીમાં અનુભવાતી દિવ્યતા ઢળતી સંધ્યા ખડાણા ગામની સૌથી મનોહર ક્ષણ ગણાય છે. સાંજ પડતાં મંદિરોમાં થતી આરતીની ઝાલરો, ઘંટનાદ અને ભજનના મધુર સ્વરો સમગ્ર ગામને આધ્યાત્મિક માહોલથી ઓતપ્રોત કરી દે છે. તે ક્ષણે ગામ જાણે ભક્તિરસમાં તરબોળ થઈ જાય છે અને દરેક હૃદયમાં આત્મીયતાનો દીપ પ્રગટે છે. ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં દરેક ધર્મ અને જાતિના લોકો એકતા, પરસ્પર માન અને સમરસતાના ભાવ સાથે જીવન જીવે છે. ધાર્મિક વૈવિધ્ય હોવા છતાં હૃદયોની એકતા જ કલમસરની સાચી ઓળખ છે. આ ગામ ખરેખર આધ્યાત્મિક સૌહાર્દ, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને માનવીય એકતાનું પ્રેરણાદાયી ધામ બની રહ્યું છે.


અંબાજી માતા મંદિર


હરસિદ્ધી માતા મંદિર

## ગ્રામજનોની સુખાકારીને પ્રાથમિકતા આપી વિકાસનાં કામોમાં ગ્રામ પંચાયત અગ્રેસર




ખડાણા ગામ છેલ્લા કેટલાક વર્ષોમાં પાયાની સુવિધાઓના વિકાસની દિશામાં નોંધપાત્ર રીતે આગળ વધ્યું છે. ગામમાં સમયાંતરે કરવામાં આવેલા વિકાસકાર્યોના પરિણામે આજે ગ્રામજનોને જીવનજરૂરિયાતની અનેક મૂળભૂત સુવિધાઓ તેમના રહેઠાણની નજીક જ મળી રહે છે. ગામ નાનું હોવા છતાં લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુવિધાઓ ઊભી કરવામાં આવી હોવાથી જનસુખાકારીની દૃષ્ટિએ ગામ આગવું સ્થાન ધરાવે છે.

ગામના સૌથી મહત્વના વિકાસકાર્યોમાં ઘરે ઘરે નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયત દ્વારા પીવાનું શુદ્ધ પાણી ગ્રામજનોને નિયમિત રીતે મળી રહે તે માટે પાણી પુરવઠાની વ્યવસ્થા જાળવવામાં આવે છે.

ગામના વિવિધ વિસ્તારોમાં બ્લોક તથા આરસીસી રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. મોટાભાગના ફળિયાઓમાં બ્લોક નાખવામાં આવ્યા હોવાથી વરસાદી માહોલમાં પણ અવરજવરમાં સરળતા રહે છે. સાથે જ અનેક વિસ્તારોમાં ગટર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેના કારણે વરસાદી પાણી તથા ગંદા પાણીના નિકાલની સમસ્યામાં પણ રાહત મળી છે.. ગ્રામજનોની દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પણ જનસુખાકારીને લગતી વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગ્રામ પંચાયત દ્વારા આયોજન અને પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### ગ્રામ પંચાયત ટીમ

સરપંચ પરમાર ભરતકુમાર દોલતસિંહ, ઉપ સરપંચ ઠાકોર શિલ્પાબેન ભીખાભાઈ, ચેરમેન. ન્યાય સમીતી પરમાર કનુભાઈ અંબાલાલ, સભ્ય ઠાકોર જગદીશભાઈ કાભઈભાઈ, પરમાર જયાબેન અમિતભાઈ, પટેલ હર્ષિત કુમાર ભુપેન્દ્રભાઈ, ઠાકોર ભરતભાઈ કનુભાઈ, ઠાકોર મહેન્દ્રભાઈ આશાભાઈ, ઠાકોર સુધાબેન દિનેશભાઈ, ઠાકોર શીલાબેન વિષ્ણુભાઈ, દિવાન નસીમબાનું એયુબશા.

### પૂર્વ સરપંચ

પટેલ અંબાલાલ બાવાજીભાઈ, પરમાર છોટાભાઈ હાથીભાઈ, પટેલ વલ્લવભાઈ મીઠાભાઈ, પરમાર મગનભાઈ છોટાભાઈ, નારણભાઈ નાથાભાઇ, પટેલ બીપીનભાઈ નારણભાઈ, પટેલ શારદાબેન સુર્યકાન્તભાઈ, પટેલ કૈલેશભાઈ જશભાઈ, ચૌહાણ કોકીલાબેન ધીરજભાઈ.

નાનું ગામ હોવા છતાં ઉપલબ્ધ સંસાધનો અને જરૂરિયાતોને અનુરૂપ વિકાસકામો કરવામાં આવતા ધોબીકુઈમાં ધીમે ધીમે જીવનધોરણમાં સુધારો જોવા મળી રહ્યો છે. પાયાની સુવિધાઓનું સુવ્યવસ્થિત આયોજન અને સતત જાળવણી ગામના સર્વાંગી વિકાસ માટે મજબૂત પાયો બની રહ્યું છે.

## ખડાણા પ્રાથમિક શાળા આધુનિક શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરે છે




ગામમાં વર્ષ ૧૮૮૨ની ત્રીજી ફેબ્રુઆરીએ શરૂ થયેલી ખડાણા પ્રાથમિક શાળા આજે ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી છે. શાળામાં ધોરણ ૧થી ૮ સુધી અભ્યાસની સાથે કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબ, બાળ પુસ્તકાલય અને સ્માર્ટ ક્લાસ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળાના વિદ્યાર્થીઓ CET, PSE, NMMS અને જ્ઞાનસાધના જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવે છે. ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, રમતોત્સવ, વિજ્ઞાનદર્શન, ક્વિઝ સ્પર્ધા અને વિવિધ ઉત્સવોની ઉજવણી દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે.

શાળામાં ૧૦૦ ટકા નામાંકન અને શૂન્ય ટકા ડ્રોપઆઉટ દર નોંધાયો છે. વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન અને પીવાના પાણીની સુવિધા પણ મળે છે. શિક્ષકો, આચાર્ય, વાલીઓ અને શાળા વ્યવસ્થાપન સમિતિના સંયુક્ત પ્રયાસોથી શાળામાં શિક્ષણની સાથે શિસ્ત, સ્વચ્છતા અને સંસ્કારનું સિંચન થઈ રહ્યું છે. આમ, ખડાણા પ્રાથમિક શાળા ગામના બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

### ખડાણાની પ્રતિભાઓએ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીની સફળતા મેળવી ગામને ગૌરવવંતુ બનાવ્યું છે.

વર્ષોથી ગામમાં મજબૂત શૈક્ષણિક માળખું અને શિક્ષણ પ્રત્યેની જાગૃતિના કારણે અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. અંદાજે ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં સફળતા હાંસલ કરી છે, ખડાણા ગામના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામમાંથી અનેક યુવાનો શિક્ષણ પૂર્ણ કરી આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, આ ઉપરાંત ગામના લોકો પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં પણ મહત્વપૂર્ણ ફરજ બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ ગામના યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે. ખાનગી ક્ષેત્રમાં પણ યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, ડ્રાઈવર અને હેલ્પર તરીકે પોતાની કારકિર્દી સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. અંદાજે ૪૦૦થી વધુ લોકો વિવિધ ક્ષેત્રોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર જીવન જીવી રહ્યા છે. શિક્ષણ, મહેનત અને સંસ્કારના મજબૂત પાયા પર આગળ વધતું ખડાણા ગામ આજે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે.

## શિક્ષણપ્રેમીઓના યોગદાનથી સર્વોદય હાઈસ્કૂલનુ રમણિય સંકુલનુ સ્વપ્ર સાકાર થયું

ખડાણા ગામની સર્વોદય હાઈસ્કૂલની વિકાસગાથા ગ્રામજનોની એકતા, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને દાનવીરોના સેવાભાવનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. વર્ષ ૧૯૬૯-૭૦માં ધોરણ ૮ના માત્ર ૩૯ વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલી આ શાળાએ અનેક પડકારો પાર કરીને આજે સુંદર શાળા સંકુલ સુધીની સફર ખેડી છે. કેળવણી મંડળ પ્રમુખ તરીકે હાલમાં

ભરતભાઈ ગોકળભાઈ પટેલ અને મંત્રી તરીકે મહેન્દ્રભાઇ જશભાઈ અમીન જવાબદારી સંભાળે છે.

શાળાની શરૂઆત ચબૂતરીવાળા મકાનમાં કરવામાં આવી હતી. છ મહિના બાદ ગામના સરપંચ વલ્લભભાઈ, નગીનભાઈ મુખી તથા અન્ય આગેવાનોના સહયોગથી શાળાને મહાદેવજીના મંદિરની ધર્મશાળામાં ખસેડવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સંખ્યામાં ક્રમશઃ વધારો થતાં વર્ષ ૧૯૭૨માં શાળાને ધોરણ ૮થી ૧૦ સુધીની મંજૂરી મળી હતી. આ રીતે ગામમાં માધ્યમિક શિક્ષણનો પાયો વધુ મજબૂત બન્યો હતો.

વર્ષો સુધી ધર્મશાળાના જર્જરિત મકાનમાં ચાલતી શાળા માટે વર્ષ ૨૦૦૬માં દિલીપભાઈ પટેલે નવું મકાન બનાવવાનો સંકલ્પ કર્યો હતો. તેમની પહેલને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી હતી. ગામના અનેક નાગરિકોએ જમીન ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપ્યો હતો. આ પ્રયાસને આગળ વધારતાં પટેલ પરસોતમભાઈ જેઠાભાઈએ જમીન ખરીદી શાળાને ભૂમિદાન આપીને અનોખી પહેલ કરી હતી.

લંડનસ્થિત ભાનુભાઈ ઝવેરભાઈએ શાળાના નવા મકાનના બાંધકામ માટે માતબર આર્થિક સહયોગ આપ્યો હતો. તેમણે પોતાનાં માતૃશ્રી સ્વર્ગસ્થ પટેલ મણીબા ઝવેરભાઈના સ્વપ્નને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વિદ્યાર્થીઓને પીવાનું પાણી મળી રહે તે માટે પટેલ કાળીદાસભાઈ અંબાલાલભાઈએ બોર, પાણીની ટાંકી અને નળ સ્ટેન્ડની સુવિધા ઊભી કરાવી હતી. આ ઉપરાંત સ્વર્ગસ્થ પટેલ નટુભાઈ મોતીભાઈના સ્મરણાર્થે તેમના સુપુત્ર ઋષિરાજ નટુભાઈ પટેલે માતબર રકમનું યોગદાન આપી શાળામાં વરંડો અને મુખ્ય પ્રવેશદ્વાર બનાવડાવ્યાં હતાં.

જૂન ૨૦૦૯થી શાળાને બગીચા, મેદાન અને સુંદર વાતાવરણ ધરાવતું નવું મકાન મળ્યું હતું. ત્યારથી આજદિન સુધી ગામના અગ્રણીઓ અને નાગરિકો શાળાની ભૌતિક સુવિધાઓના વિકાસમાં સતત સહયોગ આપી રહ્યા છે. ખડાણાની સર્વોદય હાઈસ્કૂલની આ વિકાસગાથા સાબિત કરે છે કે સમાજમાં શિક્ષણ પ્રત્યેનો પ્રેમ, દાનવીરોની ઉદારતા અને ગ્રામજનોની સહિયારી ભાવના હોય તો મર્યાદિત સંસાધનોમાંથી પણ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકાય છે. આ શાળા માત્ર શિક્ષણનું કેન્દ્ર જ નહીં, પરંતુ ગામની એકતા, સેવાભાવ અને પ્રગતિનું પ્રતીક પણ બની છે.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)